

રમેશ ઠક્કર

## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

આ રીતે પાપ સૌના સરભર બને તો સારું,
ઠોકર બન્યા જે પથ્થર એ ઘર બને તો સારું.

ચહેરાને વાંચવામાં કાયમ મેં થાપ ખાધી,
આંખો હવે જો મારી સાક્ષર બને તો સારું.

આ માયકાગલું સુખ લૂછી શક્યું ન દુઃખને,
જૂના દુઃખો જ ખુદ જો ડસ્ટર બને તો સારું.

એને સમજ પડે કે મોટાના દુઃખ છે મોટા,
ખાબોચિયું કદી જો સાગર બને તો સારું.

સુખ એટલે શું એવું સૌને પૂછી રહ્યા છો,
મારું જીવન તમારો ઉત્તર બને તો સારું.

- વિકી ત્રિવેદી

### પાથેય

## વેદનાઓને લૂછવા,દુઃખોનું ડસ્ટર...

માણસની આશાનો તંતુ અડીખમ હોય છે.એ જાતજાતની ધારણાઓ કરતો રહે છે.જો આમ થયું હોત તો સારું.જો આ રીતે જીવાયું હોત તો કદાચ યોગ્ય હોત.આવા બધા ધમપછાડા એના મનમાં સતત ચાલ્યા કરતા હોય છે.માણસની ધારણાઓને આશાઓનો લેપ જીવંત રાખે છે.


શું હોય છે આસ્થા?એના તાણાવાણા પોલાદી રીતે વણાયેલા છે..આસ્થા જો ના હોત તો માણસ અધૂરો હોત ! જગતમાં પૂર્ણ તો શું હોય છે ? એ અર્થમાં નહીં પણ વાસ્તવની રીતે જોઈએ તો જેનામાં હામ છે એના માટે જ દુનિયામાં મુકામ હોય છે..એ માટે માણસે સતત ફરતા રહેવું પડે છે. બદલાતા રહેવું પડે છે..ચાલવાનો લય સાધવો પડે છે !

આપણી આસપાસ સમદુઃખિયાઓનો સહારો હોય તો પણ આપણી સહજ જિંદગીની તલાશ તીવ્ર બનીને ડંખતી રહે છે..સ્થગિતતાને ભેદવાનું એટલું આસાન હોતું નથી..હણહણતો અશ્વ અટકી કેમ જાય ? નાગરવેલનું પાન સડી કેમ જાય છે ? રોટલી બળી કેમ જતી હોય છે ? આ ત્રણેય પ્રશ્નોનો એક જ જવાબ શું હોય? એવુ બિરબલને પુછવામાં આવેલું...એણે જવાબ આપેલો "ફેરવો નહીં એટલે.." માણસ પણ જો ફરે નહી તો બંધિયાર થઈ જતો હોય છે..ખાટલે પડયા પછી અનેક મથામણો સામે ઝઝૂમવાનું હોય છે પણ સૌથી મોટો પડકાર સ્થગિતતાની નાગચૂડને ભેદવાનો હોય છે..!

એક અથાગ પ્રયાસ પછી ખુલતી બારીનો ઉઘાડ નવી તાજગી આપી જાય છે..બહાર આકાશ ટપકી રહયું છે..રીમઝીમ ગીરે સાવન..શબ્દો અત્યારે ગમતા નથી..ઓસડિયાંના ઉબકા આવે ત્યાં ઉર્મિઓ ઉભરતી નથી..શિશિર ઋતુ સમેટાઈ રહી છે..વર્ષા પૂરબહારમાં ખીલશે..આ અનુસંધાન આરોગ્યના લયને કયારેક લસરકો આપી જાય છે ત્યારે પથારીવશ થઈ જવાતું હોય છે..હળવા હાથે સ્મિત આકાશથી ઝીલાતી વાછટ ત્વચાને તાજગી આપી જાય છે...જેને અનિર્વેદ કહેવાય..ખુશહાલ સંદેશ આપણા લયને ઝંકૃત કરી જાય છે..સ્થગિતતા આમ તો શેતાન જેવી છે પણ મક્કમતાથી ઉઠતો સળવળાટ એક આશાવાદ સમાન હોય છે...

ચાલવું ,અટકવું, ઠપ્પ થઈ જવું કે જીવનની ગતિથી ઘડીભર વિચલિત થઈ જવું એક ધૂપછાંવ છે..કાયમી ઘાવ નથી..! "તડકીછાંયડી" જેવો આપણી ભાષાનો શબ્દ આ સ્થિતિને આબેહૂબ પ્રગટાવે છે..!ઓરડાની બોઝિલતાને અતિક્રમી બૃહદ જીવનના ધોરીમાર્ગ ઉપર ધપતા રહેવું એ જ કદાચ જીવનરસ છે..કાળી ડિબાંગ વાદળીઓ વચ્ચે ઉપસતી રૂપેરી કોર છે...

# સુતરને તાંતણે હિન્દને સ્વરાજ્ય: મહાત્મા ગાંધીનો સંકલ્પ



રેંટિયો રંકને જીવાડે છે. તેવી વાત મહાત્માએ કરી છે. અનેક વખત તેમજ ભારપૂર્વક કરી છે. દેશના લાખો-કરોડો લોકોને રોજગારી મળે તે બાપુ માટે અગ્રતાનો વિષય હતો. મોટા ઉદ્યોગોના પ્રમાણમાં નાના તથા મધ્યમ કદના ઉદ્યોગો કે ગૃહ ઉદ્યોગો એ ઓછા મૂડી રોકાણે પોષણક્ષમ વળતર અપાવે છે. આપણાં જ ભૂતકાળના સંદર્ભમાં વાત કરીએ તો વસ્ત્રકલા તેમજ વણાટકલા એ આપણાં દેશમાં ગૃહ ઉદ્યોગ તરીકે સ્થાપિત થયેલા હતા. વસ્ત્રકલા તેમજ વણાટકલા પરની બે નાની પુસ્તિકાઓ હમણાં જોવા મળી. પુસ્તીકાઓની વિગતો જોતાં ફરી મહાત્માના "સુરતને તાંતણે સ્વરાજ્ય" વાળી વાતનું પુનઃ સ્મરણ થયું. (વસ્ત્રકલાઃ વણાટકલાઃ ડો. પી. એ. પરમાર, ડો. મીનાક્ષી ગુપ્તા, એલ. એ. પરમાર) ત્રણે લેખકોએ ઘણી કાળજી તથા મહેનત કરીને વણાટકલા ઉદ્યોગની ઝીણામાં ઝીણી વિગતો એકઠી કરવાની મહેનત કરી છે. પુસ્તિકામાં ડો. બાબાસાહેબ આંબેડકરનું એક અર્થ-સભર વિધાન ટાંકવામાં આવેલું છે. બાબાસાહેબ કહે છેઃ

"યાદ રાખો. આપણાં પૂર્વજો ખાદીના સાચા નિર્માતા હતા... વલ્કલના નિર્માતા હતા...આ ધંધાને કારણે તેમનો નિર્વાહ થતો હતો. આપણાં ધંધામાં જે લોકો સામેલ ન હતા તેમની લાજ પણ આપણાં પૂર્વજોએ બચાવી છે."



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

અસંખ્ય લોકોને જેમાંથી રોજગારી મળી શકે તેવા નાના નાના પ્રયાસોનું ઘણું મોટું મહત્વ છે. દરેક હાથને કામ તથા દરેકને પેટ પૂરતા ભોજનની ટકાઉ વ્યવસ્થા ન થાય તો સમાજના સ્વસ્થ તથા સુમેળભર્યા સંબંધો ટકાવવા મુશ્કેલ બને છે. મહાત્મા ગાંધીએ અમદાવાદ ખાતે ચાલેલા એક પ્રસિદ્ધ કેસમાં પોતાના વ્યવસાયની ઓળખ આપતા પોતાને ખેડૂત તથા વણકર ગણાવ્યા હતા. આથી દેશના અસંખ્ય લોકોનું પોષણ આવા નાના દેખાતા ઉદ્યોગથી થતું હતું તે મહત્વની ઘટના છે. આજના સંજોગોમાં પણ સરકારો માટે નાના તેમજ મધ્યમકદના ઉદ્યોગોને ટકાવી રાખવાનો તથા મજબૂત કરવાનો મોટો પડકાર છે. વિનોબાજીને પ્રથમ પંચવર્ષીય યોજનાનો ડ્રાફ્ટ તત્કાલીન પ્રધાનમંત્રીની સૂચનાથી બતાવવામાં આવ્યો પણ બાબાને તે પસંદ ન પડ્યો તેનું કારણ અપાતા વિનોબાજીએ જણાવ્યું કે આપણાં જેવા દેશ માટે દરેક હાથને કામ મળી રહે તેની ખાતરી કરાવતું આયોજન એ જ ખરું આયોજન છે. ગાંધીજીએ 'કાંતણયજ્ઞ' નામ આપીને વણાટના વ્યવસાયને એક વિશેષ ગરિમા આપી છે. ગાંધીજી સ્પષ્ટ રીતે જોઈ શક્યા કે વણાટકામ અનેક લોકોને સરળતાથી રોજગારી પુરી પડી શકે છે. તેમાં સમયની માંગ પ્રમાણે આધુનિક સાધનોના ઉપયોગનો પણ મહાત્મા ગાંધીને કોઈ છોછ ન હતો.

આ સંદર્ભમાં બાપુની ગોળમેજી પરિષદ સમયની એક મુલાકાત યાદ આવે છે. ગોળમેજી પરિષદ(૧૯૩૧)ની વિશ્વપ્રસિદ્ધ ઘટનામાં એ જાણીતી વાત છે કે મહાત્મા પૂર્વ લંડનમાં વંચિતોનો જ્યાં વિશેષ વસવાટ છે ત્યાં રોકાયા. હિન્દના કરોડો દરિદ્ર નારાયણોનાં પ્રતિનિધિ માટે આ ઉચિત સ્થળ હતું. બીજી ગોળમેજી પરિષદ એ એક અર્થમાં ભારત તથા ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણેક માસ ચાલેલી "જટિલ શતરંજની રમત" હતી તેવું મહાદેવભાઈ દેસાઈએ "મારુ જીવન એ જ મારી વાણી"માં નોંધ્યું છે. હિન્દુસ્તાનને સ્વતંત્રતા આપવાની દાનત ઇંગ્લેન્ડને ન હતી. ગાંધીજી પણ આ પરિષદમાં જવું કે ન જવું તેની અવઢવમાં હતા. આખરે હિન્દુસ્તાનનું દ્રષ્ટિબિંદુ જગત સમક્ષ રજુ થઇ શકે તેવા આશયથી અનેક લોકોના આગ્રહથી ગાંધીજી ઇંગ્લેન્ડ જવા તૈયાર થયા. ગરીબો વચ્ચે રહ્યા અને હિન્દુસ્તાનના કરોડો લોકોની હમદર્દીનું તેમને દર્શન કરાવવાના પ્રયાસ કર્યા. ગાંધીજીની આ મુલાકાતની એક મહત્વની વાત એ તેમના લેંકેશાયર તથા માંચેસ્ટરના કાપડઉદ્યોગ સાથે જોડાયેલા મિલમજૂરો સાથેની મુલાકાતની છે. મહાત્મા ગાંધીએ દેશના વણાટ ઉદ્યોગને બચાવવા વિદેશી કાપડના બહિષ્કારનો સંકલ્પ કરાવ્યો હતો. આ બહિષ્કારને કારણે ઇંગ્લેડના ઉપર જણાવેલ બે પરગણા(જીંમ્ઇમ્જી)ના અનેક મજૂરો બેકાર બની ગયા હતા. કારણ કે આ મિલોના કાપડના ઉત્પાદન માટે હિન્દુસ્તાન એક સૌથી મહત્વનું અને મોટું બજાર હતું. ઇંગ્લેન્ડના આ બેકાર બનેલા મજૂરોમાં ગાંધીજીના આ વિદેશી કાપડના બહિષ્કારના એલાન સામે સ્વાભાવિક રીતે જ રોષ હતો. ગાંધીજીના પરમ મિત્ર એન્ડ્રૂઝનો મત હતો કે મહાત્માએ આ દુઃખી મજૂરો વચ્ચે જવું જોઈએ. ગાંધીજીએ ઇંગ્લેન્ડના આ મજૂરોને પોતાનો દ્રષ્ટિકોણ સમજાવવો જોઈએ તેમ એન્ડ્રૂઝનો આગ્રહ હતો. યોગાનુયોગ ગાંધીજીને ગોળમેજી પરિષદમાંથી થોડો સમય મળ્યો એટલે આ વ્યથિત મજૂરો વચ્ચે જવાનું તેમણે સ્વીકાર્યું. ગાંધીજી સામે કોઈ ભારે વિરોધ કે અભદ્ર ગણાય તેવું વર્તન ન થાય તેની ચિંતા ઇંગ્લેન્ડની સરકારને હતી. આથી સરકારે બે ખાસ ડિટેક્ટિવ અંગરક્ષકોને ગાંધીજીની સલામતી માટે મુક્યા હતા. ગોળમેજી પરિષદમાં ગાંધીજી બ્રિટનની સરકારના નિમંત્રણથી ગયા હતા તેથી જંઠ્ઠી ક્ષ્રીજં હતા. આથી બ્રિટનની સરકારની આવી ચિંતા સ્વાભાવિક પણ હતી. સપ્ટેમ્બર-૧૯૩૧માં ગાંધીજી લંડનથી ડાર્વિન પહોંચ્યા. માંચેસ્ટરના કાપડની મિલોના માલિકો સાથે ગાંધીજીને ચર્ચા થઇ. તેમણે કહ્યું કે મધપૂડાની જેમ ગુંજતી હતી તે અમારી મિલો બંધ પડી છે. ગાંધીજી પુરી સ્વસ્થતા સાથે બેકાર મજૂરોની વચ્ચે ગયા. મહાત્માએ અહીં હિન્દના વણાટના કામ સાથે સંકળાયેલા કારીગરોની દારુણ સ્થિતિની વાત કરી. તેમણે કહ્યું કે હિન્દના વિદેશી કાપડના બહિષ્કારને કારણે અહીં બેકારી થઇ છે તેનું મને દુઃખ છે. પરંતુ હિન્દુસ્તાનના કરોડો કારીગરોમાં ભૂખમરો કે અડધો ભૂખમરો છે. તેમની આંખોમાં કામના અભાવે ભારોભાર નિરાશા છે. આથી કાપડના વણાટનું કામ જ તેમને જીવી શકે તેવી રોજગારી અપાવી શકે તેમ છે. ઇંગ્લેડના મજૂરોના અંતરમાં પણ કરુણાનો ભાવ મહાત્માની સચ્ચાઈને કારણે જાગી શક્યો. મિલના મજૂરોએ એકઠા થઈને મહાત્મા ગાંધીને વધાવ્યા. લેંકેશાયરના મજૂરોની આર્થિક હાડમારી છતાં મહાત્માના સંવાદની સચ્ચાઈ તેમને અસર કરી ગઈ. આ મજૂરોની પણ ઉદારતાનું અહીં દર્શન થાય છે. વણાટ તથા વણકરોની સૂઝ આપણી ઉજળી ધરોહર છે.

# વાત 'અધિક માસ'ની અધિક ઉપલબ્ધિઓની!

હમણાં પૂરો થયો તે અધિક માસ. શ્રાવણ માસમાં ભરપૂર ભક્તિ કરનારાઓ અને એ સિવાયના સૌ માટે દેવદર્શન, પુણ્યદાન, નદી સ્નાન, સત્સંગને તીર્થાટન માટેની અધિક તક પૂરી પાડનારો અધિક શ્રાવણ માસ. સચિવાલયમાં ફરતાં સાહેબોની ચેમ્બર બહાર લાગેલાં બોર્ડમાં અધિક સચિવ, અધિક મુખ્ય સચિવ, અધિક મુખ્ય ઈજનેર, વાંચવા મળે છે. એ સરકારી તંત્ર પદ્ધતિ - વ્યવસ્થાના ભાગરૂપે બનેલા, 'અધિક' અને આ હિંદુ કેલેન્ડર - પંચાગની વ્યવસ્તાના ભાગરૂપે ગોઠવાયેલ 'અધિક.'

સૌર (સૂઈ) અને ચંદ્ર પંચાગમાં દિન-ઘડી-પળના પ્રતિવર્ષ પડતા ૧૦ દિવસના તફાવતને સરભર કરવા ત્રણ વર્ષે એક 'અધિક માસ' ગોઠવાયો છે..... એમાંય આ અધિક શ્રાવણ તો ૧૯ વર્ષે આવ્યો એટલે એનો મહિમા 'અધિક'થી અધિક રહ્યો. અંગ્રેજી કેલેન્ડરમાં દર ચાર વર્ષે ફેબ્રુઆરી મન્થમાં એક અધિક દિવસ (૨૯મી તારીખ) આવે છે અને હિંદુ કેલેન્ડરમાં દર ત્રણ વર્ષે એક આખો મહિનો અધિક કહેતાં 'એક્સ્ટ્રા' મળે છે, બોલો!!

આમ તો 'એક્સ્ટ્રા' કહેતા 'વધારા'ના કશાનું ઝાઝું મૂલ્ય નથી હોતું, પછી એ વ્યક્તિ હોય, વસ્તુ હોય કે સમય. 'એક્સ્ટ્રા' મતલબ ફાલતું એમ મનાય. બસ એમ જ પ્રારંભે અધિક માસ. 'મળ માસ' કહેવાતો અને એની કોઈ કિંમત ગણતા નહોતી. એથી દુઃખી રહેતા અધિક માસે ભગવાન વિષ્ણુનું શરણ લીધું ને પોતાના વ્યથા - પોતે 'એક્સ્ટ્રા' - અધિક હોવાથી કોઈ ગણતું નથી. રજૂ કરી. હવે ભગવાનના ચરણે ને શરણે જાય એનો પ્રભુ ઉદ્ધાર કરે જને. ભગવાન વિષ્ણુએ અધિક માસને કહ્યું કે 'ચિંતા ન કર. હવે તારું મહાત્મ્ય વધે એવું કરું છું.....' એમણે અધિક માસને 'ધર્મ માસ' બનાવી દીધો ને પછી... આજે તો 'અધિક માસ' નું મહત્તવ કેવું વધી ગયું છે એ નજરે પડે છે.

વરસના મહિના બાર. પછી એ હિંદુ કેલેન્ડર હોય કે ઈંગ્લીશ. સંવત ૨૦૭૯નું વર્ષ ૧૩ મહિના લઈને આવ્યું છે. ભાવિક ભક્તોને મન આ પ્રભુકૃપા હતી કે એમને ભાવભક્તિ - ધરમ ધ્યાન માટે એક આખો વધારાનો મહિનો પ્રાપ્ત થયો.... અલબત્ત, અશ્રધ્ધાળુઓને કદાચ એ 'દુકાળમં અધિક માસ' લાગ્યો હશે. એ તો જૈસી જીસકી સોચ એન્ડ જૈસી જીસકી નજરિયાં !!

હજી બે દિવસ પૂર્વે જ સંપન્ન થયેલા 'અધિક માસ' માં અને માસાન્તે ઘણું બધું અધિક યાને કે વધારે વધારે જોવાતો લહાવો તમને ય મળ્યો જ હશે. જેમ કે તમારી આસપાસમાં રહેતા - પરિચિતોમાંથી આડે દહાડે ને બાર મહિનામાં માંડ બાર દિવસ મંદિરે જતાં ને 'અધિક શ્રાવણ' માં રોજ સવારે કે સાંજે મંદિરે નિયમ પાળતા જોયા હશે..... આ અધિક માસમાં ઉપવાસ કે એકટાણાં કરી, પુણ્ય કમાઈ લેનારા દુબળી વ્યક્તિઓને વધુ દુબળી પડી ગયેલી તો એક જ વાર જમવાનું છે એમ વિચારી એક ટંકે, ડબલ ખાઈ લેનારાઓને કે બીજા ટંકે ફરાળ કરનારાઓએ જમાવીને ગળી - તળેલી - તૈલી ફરાળી આઈટેમ્સ મહિનાભર પેટમાં પધરાવવા કારણે 'અધિક માસમાં' 'અધિક વજનદાર' થતા પણ જોયા હશે. હા, જેમણે પૂરાં ભવ ને શ્રદ્ધા સાથે, નિયમપૂર્વક, 'અધિક શ્રાવણ' કર્યો તેમને અને જેમણે કેવળ ને કેવળ 'હેલ્થ' માટે એકટાણાં કર્યાં એમને અધિક માસ જરૂર ફળ્યો હશે જ.

'અધિક માસ'ની આવી બીજી ઉપલબ્ધિ તે મંદિરોમાં ને પોળો સોસાયટી - ફ્લેટોમાં ને ચોકઠાઓમાં એમ ઠેરઠેર ચાલેલા ભજનકિર્તનો તેમ જ નાના-મોટા પાયે ચાલેલ ભાગવત કથા સપ્તાહોનાં 'માઈકો' થી ગૂંજી (?) ઊઠેલું વાતાવરણ અને ઘૂમરાયેલાં પવિત્ર વાઈબ્રેશનન્સ! આ બધા માટે ખાસ કરીને સમયદાનને પણ બિરદાવવું રહ્યું અને પરિણામે ઘરના પુરુષ વર્ગે ઘણું બધું ચલાવી લેવું પડ્યું હશે એને ય બિરદાવવું પડે કે નહીં ? અલબત્ત, મહિલાઓ તો કહેશે અમે જપ-તપ, ઉપવાસ - એકટાણાં બધું છેવટે ઘર ને વર માટે જ કરીએ છીએ ને !



હળવે હૈયે


પ્રકાશ લાલા

અધિક માસમાં આપણાં બધા યાત્રાધામો ઉભરાયેલા રહ્યા. જો કે એમાં સંપૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ ભાવથી અને 'અધિક શ્રાવણ' માં લેવાય એટલો ધર્મલાભ લેવાની શુદ્ધ દાનતવાળા યાત્રાળુઓ સાથે 'દર્શન - કમ - પિકનિક પ્રવાસ જ્યાદા' કરનારાઓને પણ હશે , હોં.... કેમ કે હવે જાત્રા પહેલા જેવી કઠિન કયાં રહી છે ? જોઈએ એવી અને રૂપિયા ખર્ચીએ એવી સુવિધાસભર યાત્રા આજે ઉપલબ્ધ છે. એ.સી. ટ્રેઈન કે એ.સી. બસમાં જવાનું, એ.સી. રૂમવાળા આશ્રમો અને એ.સી. હોટેલ્સમાં રહેવાનું તથા તીર્થધામોમાં પણ ફાસ્ટ ફુડ પાર્લર્સ તેમજ ગુજરાતી થાળી ઉપરાંત પંજાબી, ચાઈનીઝ, સાઉથ ઈન્ડિયન રેસ્ટોરન્ટ્સ ખુલી ગઈ હોવાથી ના જવા - રહેવા - ખાવાની કોઈ તકલીફ.... એટલે જ યાત્રા સાથે ફરવાનું એમ એક પંથ દો કાજ, કરનારાની ભીડ આ અધિક માસમાં બધા યાત્રા સ્થળોએ અધિક અનુભવાઈ.

હા, સાચા જાત્રાળુઓ એટલે કે ખાનપાનના ચુસ્ત નિયમોને વળગી રહીને, રહેવાની અગવડો વેઠીને ફક્ત ને ફક્ત પ્રભુ દર્શન અને ધરમ ધ્યાન માટે આવનારાને ખરે જ વંદન કરવાનું મન થઈ જાય. પોતાના સાવ જ ઓછા અસબાબનો થેલો કે પોટલું (હાં, એમાં નવા જમાનાની હવા મુજબ 'બેક પેક' પણ ચલણી બન્યાં છે.) માથે મૂકીને યાત્રાસ્થળે આવતાં, નદી કે તળાળમાં સ્નાન કરી લેતાં, મંદિરે મંદિરે દોડીને દર્શન લાભ લેતાં, સદાવ્રતમાં કે થોડું ઘણું સસ્તુ ખરીદીને ખાઈ લેતાં ને રાત્રે ધર્મશાળાઓમાં કે ખુલ્લામાં પાથરણું પાથરીને સૂઈ રહેનારાં, શ્રદ્ધાવાન દેહાતી યાત્રિકોને જોઈ, એમની ભક્તિને શ્રદ્ધા દ્વારા ઉજાગર થતું અધિક માસનું મહાતમ ધન્ય થઈ જવાય એવું હોય છે....

'અધિક શ્રાવણ' માં સત્સંગ, પૂજાપાઠ, કથાો, યાત્રાઓ થકી થયેલી લાખો રૂપિયાની હેરાફેરી, ફૂલો - પૂજાપાના વેપારીઓની, તીર્થસ્થાનોમાં હોટેલ્સ - ખાણી-પીણી, રીક્ષા - વાહનો તથા પ્રસાદીના વ્યવસાયમાં થયેલી એક્સ્ટ્રા ઈન્કમ તેમ જ આપણે ત્યાં તહેવારો - ઉત્સવો, ભીડભાડ હોય ત્યાં એઝ યુઝવલ જોવા મળતાં ધક્કામુક્કી, ઘોંઘાટ, ગંદકી - પ્રદૂષણ.... આ બધાને અધિક માસની અધિક એક્સ્ટ્રા ઉપલબ્ધિ કહેવાય કે નહીં!!

# તુલસીનું ચંદનને રઘુવીરનું તિલક



મહાકવિ સંત ગોસ્વામી તુલસીદાસનો જન્મ ઈ.સ. ૧૫૩૬માં થયો. બ્રાહ્મણ દંપત્તિ આરાત્મારામ દુબે અને દેવી હુલસી એમના માતા-પિતા. પરંતુ શિશુ અવસ્થામાં જ એમણે માતાપિતાની છત્રછાયા ગુમાવી. પોતાના નિર્વાહ માટે યાચક વ્રત લેવું પડ્યું. ભિક્ષા સિવાય વિકલ્પ ન હતો. સજ્ઞારી રત્નાવલીએ એમને રામભક્તિ માટે પ્રેરણા આપી.પછી એ ગુરુદેવ નરહરિદાસના સંપર્કમાં આવ્યા. એમને તુલસીને રામભક્તિની દીક્ષા આપી. હવે એમણે સંન્યાસ લીધો. પ્રયાગમાં રામકથા કહેવાનું શરૂ કર્યું. કાશીના રામઘાટ ઉપર હનુમાનજીએ પોતે એને દર્શન આપ્યા. ભગવાન શ્રીરામ એમને હાજરાહજૂર! ચિત્રકૂટ પાસેના ઘાટ ઉપર એ ચંદન ઘસતા હોય, શ્રીરામ સામે બેસી જાય. એમાંથી ચંદન લે અને પછી પોતે તિલક કરે. આ ઉક્તિ પ્રસિદ્ધ થઈ ગઈ - 'તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર !'



અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

એમણે નાના મોટા બાર ગ્રંથો લખ્યા પરંતુ આ સૌમા સૌથી વધુ પ્રસિદ્ધ 'રામચરિત માનસ' છે. ઈ. સ. ૧૯૭૫માં આ શ્રીમદ્ ગોસ્વામીએ અયોધ્યામાં એનો પ્રારંભ કર્યો. અહીં બેસીને, સતત, બે વર્ષ, અને સાત માસમાં આ લખીને, આ ગ્રંથ સમાપ્ત કર્યો. ઈ.સ. ૧૬૨૩માં એમણે પોતાની જીવનલીલા સંકેલી લીધી. 'રામચરિત માનસ' માં લોકભાષા અવધી છે. ચોપાઈ અને મહંદશે દોહામાં આની રચના છે. કુલ સંખ્યા ૧૦૭૪ છે. સમગ્ર મહાકાવ્યમાં સાત પોતાના છે : બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિન્ધા કાંડ, સુંદરકાંડ, લંકાકાંડ અને ઉત્તરકાંડ.

ગાંધીનગરના જ સાક્ષર કવિ સ્વ. મહેન્દ્રભાઈ દવેએ સમશ્લોકી અનુવાદ કર્યો; અહીં કેટલાક અંશ પ્રસ્તુત છે :-

(૧) જયાં નહિ કપટ, દંભ કે માયા;
તેના હૃદય વસો રઘુરાયા.
- અયોધ્યાકાંડ,૧૩૦

(૨) ધીરજ, ધરમ, મિત્ર ને નાર;
વિપતકાળ પરખાયે ચાર.
- અરણ્યકાંડ, ૫

(૩) શરદ ચાંદની આતપ હરતી;
સન્ત દર્શને આફત સરતી.
- કિષ્કિન્ધાકાંડ, ૧૭

(૪) આજ સમજ જાગી હનુમન્તા !
હરિકૃપા વિણ સંત ન મળતા.
- સુન્દરકાંડ, ૭

(૫) જેનું નામ જપતાં, ન ભવાની!
ભવબંધન કાપે નરજ્ઞાની.
તેનો દૂત શેં બંધન પામે ?
પ્રભુકાર જ બંધાયા સામે.
- સુંદરકાંડ, ૨૦

(૬) સન્ત અવજ્ઞાનું ફળ કેવું ?
સળગે નગર અભાગી જેવું.
- સુન્દરકાંડ, ૨૬

શ્રાવણ સુદ સાતમ ભારતીય સંસ્કૃતિના મહાન જયોર્તિધર તુલસીદાસની જયંતિ છે; ત્યારે એમને શ્રદ્ધા સાથેના વંદન.